પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન,
જેલ રોડ, વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦, કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./ચાર કરતા વધુ જાહેરનામું/ ૭૧૮૧ /૨૦૨૫ તા :૧૦/૦૬/૨૦૨૫

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં તહેવારો તથા જુદી- જુદી શોભાયાત્રાઓ અને ધરણા, રેલીઓના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. અને ભુતકાળમાં આતંકવાદી હુમલાનો બનાવ બનવા પામેલ છે. જેથી કોઇપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહી થવા ઉપર ને કોઇ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

### -: પ્રતિબંધિત કૃત્યો :-

વડોદરા પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે, ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી. તેમજ કોઇ સભા ભરવી કે, બોલાવવી નહી અને કોઇપણ જાતની સભા -સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

### -: અપવાદ :-

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રાને, લગ્નના વરઘોડાને લાગુ પડશે નહિ.

### -:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત આ હુકમનો અમલ તારીખ: ૧૧/૦૬/૨૦૨૫ ના કલાક ૦૧:૦૦ થી તારીખ: ૨૫/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

### -:: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઇપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## -:: જાહેર વિજ્ઞપ્તિ ::-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :- ૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**<u>નકલ રવાના</u> :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.વડોદરા.

(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૨) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૩) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.